# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૨૭-૩-૨૦૦૯**

આજે નામદાર ગુજરાત હાઈકોર્ટે શ્રી માયાબેન કોડનાનીના આગોતરા જામીન રદ કરવાનો જે હુકમ કર્યો છે તેનું સ્વાગત કરતાં શ્રી શક્તિસિંહ ગોહિલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, એટલું જ કહી શકાય કે 'સત્યમેવ જયતે'. શ્રી માયાબેન કોડનાનીએ પોતાની પિસ્તોલમાંથી ફાયરીંગ કર્યાં હતાં, તલવારો વહેંચી હતી, ટોળાને ઉશ્કેર્યું હતું અને ટોળાની આગેવાની કરી હતી તેમ રાજ્ય સરકારે એફિડેવીટ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટને કહ્યું હતું. આ સંજોગોમાં શ્રી માયાબેન કોડનાની કે જેમણે કરેલા ગુનામાં ૯૫ વ્યકિતઓએ જાન ગુમાવ્યા છે, ત્રણ વ્યકિતઓ હજુ લાપતા છે, અસંખ્ય ઘાયલ થયા હતાં તેવા ગંભીર ગુનામાં મુખ્ય તહોમતદારને આગોતરા જામીન મળી જ ન શકે.

રાજ્ય સરકારે એક તરફ સોગંદ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટને એમ કહ્યું હતું કે, શ્રી માયાબેન કોડનાની મિનિસ્ટર છે અને તેથી પુરાવા તથા સાક્ષીઓ સાથે તોડફોડ થવાની પૂરી શકયતાઓ છે. આ સંજોગોમાં રાજ્ય સરકારની જવાબદારી હતી કે શ્રી માયાબેન કોડનાનીને તાત્કાલિક મંત્રી પદ પરથી દૂર કરવા જોઈતાં હતાં, પરંતુ શ્રી માયાબેન કોડનાની શ્રી લાલકૃષ્ણ અડવાણીજીના નજીકના હોવાથી ગંભીર ગુનાના તહોમતદારને પદ પર ચાલુ રાખવાની ગુનાહિત પ્રવૃત્તિ રાજ્ય સરકારે કરી હતી.

હવે જયારે શ્રી માયાબેન કોડનાનીના આગોતરા જામીન રદ કરવામાં આવ્યા છે અને આગોતરા જામીન રદ કરવાના હુકમને સ્ટે કરવામાં આવ્યો નથી ત્યારે ગુજરાતની પોલીસ અને એસ.આઈ.ટી. દ્વારા તાત્કાલિક શ્રી માયાબેન કોડનાનીની ધરપકડ થવી જોઈએ.

ભૂતકાળમાં કોઈ નાની ઘટના બને એટલે કે જે વિભાગના મંત્રી હોય તે વિભાગમાં અકસ્માત પણ થાય તો કોંગ્રેસની સરકારના મંત્રી નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપતાં હતાં. મુંબઈના બનેલા આતંકવાદી હુમલાના સંદર્ભમાં નજીકના મુદ્દે મહારાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રીશ્રીએ તથા કેન્દ્ર સરકારના ગુહ મંત્રીશ્રીએ તાત્કાલિક રાજીનામા આપીને, નૈતિક મૂલ્યોની જાળવણી કરી કોંગ્રેસની પરંપરાનું પાલન કર્યું હતું. જ્યારે ભાજપમાં નૈતિક મૂલ્યોનું સદંતર ધોવાણ થયું છે તેનો સૌથી મોટો પૂરાવો એ છે કે, શ્રી માયાબેન કોડનાની ગંભીર ગુનામાં ગુનેગાર હતા અને પોલીસ ધરપકડ ટાળવા માટે નાસતા-ભાગતા તહોમતદાર જાહેર થયા હોવા છતાં તેઓએ મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું નહોતું અને તેમને મંત્રી પદ પરથી હટાવવામાં આવ્યા નહોતા. કારણ કે તેઓ શ્રી લાલકૃષ્ણ અડવાણીજીની નજીકના છે, પોતાની જાતને "P.M. in Waiting" ગણાવતા હતા. શ્રી અડવાણીજીએ એક ગંભીર ગુનાના તહોમતદારને માત્ર પોતાના નજીકના હોવાથી જે રીતે છાવરવાનો પ્રયત્ન કર્યો છે તે રીતે જોતાં દેશવાસીઓ જરૂર અડવાણીજીનો અનૈતિક વિચારધારાને ઓળખી લેશે.

શ્રી માયાબેન કોડનાનીની વિરૂદ્ધમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ખૂબ જ ગંભીર સ્ટ્રીકચર પાસ કર્યા છે અને આગોતરા જામીન રદ કર્યા છે તેમજ ગુનાની ગંભીરતા તથા તહોમતદાર શ્રી માયાબેન કોડનાનીના ગુનામાં ગંભીર રોલને ધ્યાને લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પોતાનો ઓર્ડર સ્ટે કરીને સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવા માટેની શ્રી માયાબેન કોડનાનીના વકીલશ્રીની માંગણી પણ માન્ય રાખી નથી. તેથી હવે શ્રી માયાબેન કોડનાનીની ધરપકડ અનિવાર્ય રીતે થવાની છે અને તેથી મંત્રી પદ પર તેઓ રહી જ નહી શકવાના. આવા સંજોગોમાં નાછૂટકે મંત્રી પદ પોતે છોડવાનો વારો આવ્યો તેના બદલે જો સહેજ પણ નૈતિકતા હોત તો માયાબેન કોડનાની પોતે ભાગેડું જાહેર થયા ત્યારે જ મંત્રી પદ છોડી દેવું જોઈતું હતું અથવા જો અડવાણીજીમાં સહેજ પણ નૈતિકતાના મૂલ્યો જાળવવાની નીતિમત્તા હોત તો જે-તે સમયે પોતાના એકદમ નજીક ગણાતા શ્રી માયાબેન કોડનાનીને રાજીનામું આપવા અથવા તેમને મંત્રી પદ પરથી દૂર કરવા મુખ્યમંત્રીશ્રીને આદેશ આપ્યો હોત.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે. જે. રસાણીઆ)
અંગત મદદનીશ